# સરગાસણ નજીક દારૂનો જથ્થો ભરેલી કારને અકસ્માત


## સરગાસણ સર્કલથી અડાલજ તરફ જતી અલ્ટો ટ્રેક્ટર પાછળ ઘુસી ગઈ : કાર ચાલક ફસાઈ ગયો : દારૂની પેટીઓ જોતા જ બોટલોની લુંટ થઈ : પોલીસે બે પેટી દારૂ જપ્ત કર્યો

ગાંધીનગર, તા.૧

સરગાસણ સર્કલથી અડાલજ તરફ આજે બપોરના અરસામાં બેફામ ગતિએ જઈ રહેલી અલ્ટો કાર આગળ જતા એક ટ્રેક્ટરની પાછળ ધડાકાભેર ઘુસી જતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં કારનો કડુસ્લો થઈ જતા કારચાલક ફસાઈ ગયો હતો. જયારે તેની બાજુમાં બેઠેલો શખ્સ ફરાર થઈ ગયો હતો. કારમાં તપાસ થતા દારૂની પેટીઓ મળી આવતા બોટલોની ટોળાએ લુંટ મચાવી હતી. પોલીસે બે પેટી દારૂ જપ્ત કરી ગુનો દાખલ કરી ઘાયલ કારચાલકને હોસ્પિટલમાં ખસેડયો છે તો બીજી તરફ ક્રેઈન વડે કારને રસ્તા વચ્ચેથી હટાવવામાં આવી હતી.

ગાંધીનગર નજીક સરગાસણ સર્કલ પાસેથી અડાલજ તરફ ધમધમાટ જઈ રહેલી અલ્ટો ગાડી નં. જીજે ૧૮ એબી ૯૪૨૫ને અકસ્માત નડયો હતો. વાઈબ્રન્ટ સમિટને પગલે રસ્તાની સાફસફાઈ ચાલી રહી છે તે અંતર્ગત આજે બપોરે ગુડાના ટ્રેક્ટર આ રસ્તે ફરતા હતા. બેફામ ગતિએ આવેલી અલ્ટો કાર આગળ જતા ટ્રેક્ટર પાછળ ધડાકાભેર ઘસી જતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં કારનો કચ્ચરઘાણ થઈ ગયો હતો અને રાજસ્થાનના ખેરવાડા વિસ્તારનો કારચાલક રણજીત ગામીત કારમાં ફસાઈ ગયો હતો. માંડ તેને બહાર નિકાળી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો જયારે તેની બાજુમાં બેઠેલો શખ્સ ફરાર થઈ ગયો હતો. અકસ્માતગ્રસ્ત કારમાંથી દારૂની દુર્ગંધ આવતા ટોળુ ભેગું થઈ ગયું હતું. કારમાંથી દારૂ ભરેલી પેટીઓ મળતા બોટલોની લુંટ થવા પામી હતી. પોલીસ ઘટના સ્થળે પહોંચી ત્યાં સુધીમાં ગાડીમાં બે પેટી દારૂ વધ્યો હતો. ઈન્ફોસીટી પોલીસે કાર ક્રેઈન વડે હટાવડાવીને બે પેટી જપ્ત કરી દારૂ કયાંથી લવાયો હતો અને કયાં લઈ જવાતો હતો તે ઉપરાંત ફરાર થઈ જનાર શખ્સ કોણ હતો તે સહિતની તપાસ શરુ કરી છે.






# સે-૫માં ત્રણ કલાક બંધ રહેલા મકાનમાં ચોરી

ગાંધીનગર, તા.૧

શહેરના સેકટર-૫એખાતે રહેતા નિવૃત્ત અધિકારી ગઈ સાંજે તેની પત્નિને લઈને અમદાવાદ ખાતેની હોસ્પિટલમાં લઈ ગયા હતાં. ત્રણ કલાકમાં તેઓ પરત ફર્યા હતા ત્યાં સુધીમાં મકાનની જાળી અને દરવાજાનો નકુચો તોડીને તસ્કરો અંદર ઘુસી કબાટમાંથી ર. ૭૫ હજાર રોકડા તથા સોના ચાંદીના દાગીના મળી કુલ રૂ. ૧.૯૦ લાખની મત્તા સાફ કરી ગયા હતા. મકાન માલિક નિવૃત્ત અધિકારીએ તેમણે ખરીદેલી ગાડીમાં સીએનજી કીટ નંખાવા અને ઘરમાં તેલ ચોખા ભરવા બેંકમાંથી તાજેતરમાં જ રૂ. ૭૫ હજાર ઉપાડી ઘરમાં મુકયા હતા. સે-૭ પોલીસે ઘરફોડ ચોરી અંગે ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.

સેકટર-૫-એ પ્લોટ નં. ૨૨૨/૧ ખાતે સેકટરના રીંગ રોડ પરના મકાનમાં રહેતા નિવૃત્ત આંકડા અધિકારી મણીભાઈ કચરાભાઈ સોલંકી ગઈ કાલે ગાડી લઈને તેમની પત્નિને અમદાવાદના દવાખાને નિદાન માટે લઈ ગયા હતા. ગઈ સાંજે સવા ૭ વાગ્યાના અરસામાં મકાનના મુખ્ય દરવાજા અને બહારની જાળીને તાળુ મારીને નિકળેલા મકાન માલિક મણીભાઈ ત્રણ કલાકમાં હોસ્પિટલનું કામ પતાવીને સવા નવ વાગ્યાના અરસામાં પરત આવી ગયા હતા. ઘરે આવીને જોયું તો તેમના મકાનની જાળી અને મુખ્ય દરવાજાનો નકુચો તુટેલો હતો. રૂમમાં તપાસ કરી તો તિજોરીઓ ખુલ્લી અને સરસામાન વેર વિખેર પડયો હતો. ત્રણ કલાકમાં તસ્કરો મકાનના દરવાજાનો નકુચો તોડી અંદર ઘુસીને તિજોરીઓમાંથી રૂ. ૧.૧૨ લાખના સોનાના દાગીના રૂ. ૩૫૦૦ના ચાંદીના દાગીના તથા રૂ. ૭૫ હજાર રોકડાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. મણીભાઈએ તાજેતરમાં જ નવી લીધેલી ગાડીમાં સીએનજી કીટ કરાવવા તથા ઘરમાં તેલના ડબ્બા તથા ચોખા ભરવા બેંકમાંથી રૂ. ૭૫ હજાર તબક્કાવાર ઉપાડયા હતાં. મણીભાઈની ફરિયાદ નોંધી ફિંગરપ્રિન્ટ નિષ્ણાંત તથા ડૉગ સ્કવૉર્ડ બોલાવી સે-૭ પોલીસે વધુ તપાસ શરુ કરી છે.

## વાતવાતમાં

● ગાંધીનગર કલ્ચરલ ફોરમના ઉપક્રમે ગાંધીનગર ટાઉનહૉલમાં ભજવાઈ રહેલા નાટક 'અદશ્યમ'ના શનિવાર રાતના શો દરમિયાન ચાલુ નાટકે હાસ્ય કલાકારે અભિનેત્રીને 'હેપ્પી ન્યુ યર' કહ્યું હતું. આ કારણે નાટકમાં રસબોળ થઈ ગયેલા પ્રેક્ષકોને અચાનક ખ્યાલ આવ્યો હતો કે રાત્રિના બાર વાગી ચૂક્યા છે ને નવા વર્ષનો પ્રારંભ થઈ ચૂક્યો છે. સૌ પ્રેક્ષકોએ આ સમય સાચવવા બદલ તાળીઓનો ગડગડાટ કરીને કલાકારને વધાવી લીધા હતા.

● કલાકારોની બનેલી ગાંધીનગરની સિનિયર સંસ્થા 'ધ ગ્રેટ એન્ટરટેઈનર્સ કલબ' (જી ઈ કલબ) દ્વારા રવિવારે પોતાના જન્મદિવસની ઉજવણી સભ્યોના સ્નેહમિલન કાર્યક્રમથી કરવામાં આવી હતી. કલાકારોના માધ્યમથી કલા સંવર્ધન અને સમાજસેવાનાં વિશેષ કાર્યો માટે જી ઈ કલબનું નામ નગરમાં જાણીતું છે. ૧લી જાન્યુઆરી, ૨૦૦૧ના રોજ સંસ્થાની સ્થાપના કુંતલ નિમાવત દ્વારા કરવામાં આવી હતી.

## @ગાંધીનગર

● ગાંધીનગર જિલ્લા મંડપ એસોસિએશન પરિવારનું સ્નેહમિલન સે-૧૬ બ્રહ્મભવન ખાતે બપોરે ૩ થી ૯ કલાક દરમિયાન યોજાશે.

● સે-૩-ડી હરસિધ્ધી સિધ્ધી પીઠ ખાતે આયોજીત શ્રીમદ ભાગવત કથામાં બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન કૃષ્ણ જન્મોત્સવનો પ્રસંગ યોજાશે.

# આર.એન. પટેલ શાળામાં કિવઝ કોમ્પિટીશન યોજાઈ

ગાંધીનગર, તા.૧

શહેરની આર.એન. પટેલ પ્રાથમિક શાળામાં તાજેતરમાં કિવઝ કોમ્પિટીશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગણિત, વિજ્ઞાન, સામાન્યજ્ઞાન, રમતગમત, રાજનીતી, હિન્દી, અંગ્રેજી જેવા વિષયો આધારિત પ્રશ્નો પુછવામાં



આવેલ હતા. જેમાં ધો-૬, ૭ અને ૮ના વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો. જેમાં ચાર ટીમમાં પ્રથમ ટીમ અફસાનામાં પટેલ રોહિત (૮-ઈ), પ્રજાપતિ મંથન (૭-બી), પટેલ ગર્વ (૬-એ) તથા બીજી ટીમ આરાધ્યામાં ત્રિવેદી કવચ (૮-સી), પટેલ નીલ (૭-બી), દિવ્યરાજ (૬-બી) તથા ત્રીજી આરાધનામાં ગોહિલ અજય (૮-ઈ), મોહિબ અહેમદ (૭-સી) તથા પ્રજાપતિ શુભમ (૭-સી) તથા ચોથી ચીમ આશિયાનામાં પટેલ ઉર્વશી (૮-બી), પટેલ પ્રેક્ષા (૭-બી), સુથાર હેલી (૬-એ) ભાગ લીધો હતો. જેમાં સ્પર્ધાને અંતે ટીમ આરાધનાના વિદ્યાર્થીઓએ ૧૦૫ ગુણ મેળવી પ્રથમ ક્રમાંક મેળવ્યો હતો. સ્પર્ધામાં રાઉન્ડ-૧ મલ્ટિપલ ચોઈસના પ્રશ્નો, રાઉન્ડ ૨ ચિટ્ઠી રાઉન્ડ, રાઉન્ડ-૩ ફોટો ઓળખ રાઉન્ડ, રાઉન્ડ-૪માં બજર રાઉન્ડ અને રાઉન્ડ-૫માં એકિટવીટી રાઉન્ડ રાખવામાં આવ્યા હતા. જેમાં દરેક રાઉન્ડમાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લઈ જવાબો આપ્યા હતા. પ્રેક્ષક વિદ્યાર્થીઓએ પણ સમગ્ર પ્રોગ્રામ દરમિયાન ઘણા જવાબો આપ્યા હતા. શાળાના શિક્ષિકા ભગવતીબેન તથા હેતલબેન દ્વારા સમગ્ર કવીઝનું સફળ આયોજન તથા સંચાલન કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્યએ તથા શાળા પરિવારના તમામ સભ્યોએ વિજેતા ટીમને તથા ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# ચિલોડાના જીવદયા પ્રેમીએ ઘાયલ ઘુવડનો જીવ બચાવ્યો

ચિલોડા, તા.૧

ગાંધીનગર તાલુકાના પ્રવેશદ્વાર સમા ચિલોડા સ્થિત ચંદન મંડપ ડેકોરેશન ખાતે હાલમાં આગામી દિવસોમાં ઉત્તરાયણ પર્વની ઉજવણી નિમિત્તે પતંગ રસિયાઓ પતંગ ઉડાડવા થનગનાટ કરી રહ્યા છે ત્યારે આકાશમાં



વિહરતા પંખીઓ કાતિલ દોરીથી પાંખો કપાઈ જતાં જીવનદોરી સંકેલાઈ જવાના કિસ્સાઓ બનતા હોય છે ત્યારે ચિલોડા ખાતે ઘુવડ પક્ષીની પતંગ દોરીમાં પાંખો ઘસાઈ જતાં ગંભીર રીતે ઘાયલ થઈ ફફડી ઉઠયું હતું. ત્યારે ચંદન મંડપ ડેકોરેશનની ઓફિસ પાસે ઘાયલ ઘુવડ ચંદનસિંહ રાઠોડને નજરમાં આવતા તુરંત જીવદયા પ્રેમી નટુભાઈ પટેલ-પત્રકારનો સંપર્ક કરી ગાંધીનગરથી સારવાર તથા બચાવ કરતા વનશ્રી ટ્રસ્ટના કાર્યકર પ્રદિપભાઈ સોલંકી તથા પ્રોહિબિશન વિભાગના પી.એચ.આઈ. ઉર્મિતભાઈ જાનીનો સંપર્ક કરતા તેઓ તુરંત જ ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને કાગળના બોકસમાં ઘાયલ ઘુવડને મુકી સારવાર અર્થે લઈ ગયા હતાં. જીવદયા પ્રેમી ચંદનસિંહ રાઠોડ, પ્રદિપભાઈ જાની, વનશ્રી ટ્રસ્ટના કાર્યકર-દેના ગુજરાત ગ્રામીણ બેંકના શાખા પ્રબંધક તથા પી.એચ.આઈ. ઉર્મિતભાઈ જાની તથા નટુભાઈ પટેલ પત્રકારે ઘાયલ ઘુવડને બચાવવા કિંમતી સમય આપી અથાક પ્રયત્નો થકી માનવતાની મહેંક પ્રસરાવી હતી.

# 'હું જીવું છું ત્યાં સુધી શીખવાડતો રહીશ'

## સ્ટેનોગ્રાફી શીખી સરકારી નોકરીએ લાગ્યા તેના બીજા માસથી અત્યારે નિવૃત્તિ પછી પણ સતત સ્ટેનો શીખવાડવાનો સેવાયજ્ઞ કરનાર પ્રવીણભાઈ જોષી માને છે કે જે દિવસે પરીક્ષા લેવાય તે દિવસે જ પરિણામ આપી દેવાશે તો જ ભરતીનો ભ્રષ્ટાચાર અટકશે



સંબંધ સજાવે જિંદગી

સમીર રામી

ગાંધીનગર, તા.૧

નૂતન વર્ષનો પ્રારંભ હંમેશા નવા ઉત્સાહ અને ગત વર્ષ સુધીના જીવનની ઘટમાળ કરતા કંઈક નવું જે વધુ સારું હશે તેવું થવાની આશાથી થતો હોય છે. પણા દેશમાં સરકારી નોકરી મેળવવી એ જીવનની સૌથી મોટી 'વીમા પોલીસી' સમાન ગણાય છે જેને માટે લાખ્ખો યુવાનો પોતાની યુવાનીના અરમાનો કચડીને પણ આકરી મહેનત કરતા હોય છે. સરકારી નોકરી મેળવવા માટે કેટલીક આવડતો પાયારૂપ ગણાય છે જેમાં ટાઈપીંગ સ્પીડ અને સ્ટેનોગ્રાફીની આવડત ખૂબ જ અગત્યનું પરિબળ છે. ગાંધીનગરના હાલ નિવૃત્ત સરકારી કર્મચારી પ્રવિણભાઈ જોષીએ પોતાના કારકિર્દી કાળથી અત્યાર સુધીમાં ૬૦૦થી વધુ ઉમેદવારોને પોતાની 'સ્ટેનોગ્રાફી'ની કળાનું હસ્તાંતરણ વિના મૂલ્યે કરી તેમને સરકારી નોકરી પ્રાપ્ત કરવામાં પાયારૂપ ભૂમિકા ભજવવા સાથે તેમના જીવનને નવો આયામ આપવાનું કાર્ય કર્યું છે અને હાલ પણ કરી રહ્યાં છે.

'સ્ટેનોગ્રાફી તો લજામણીના છોડ જેવી છે. જો બે દિવસ પણ છોડી દો તો તમારી સ્પીડ ઘટી જાય.' એવું માનતા પ્રવીણભાઈનો જન્મ ૧૯૪૪માં જુનાગઢ ખાતે થયો હતો. જયાં તેમના પિતા નવાબ મહોબતખાનના અંગત સ્ટાફમાં ટાઈપીસ્ટ તરીકે કાર્યરત હતા. તેમના જન્મના ત્રણ જ વર્ષ પછી દેશ આઝાદ થતા તેમના પરીવારને વતન હળવદ પરત ફરવું પડયું પરંતુ અહીં સેટલ ના થઈ શકયા. છેવટે પિતાને રજકોટમાં સરકારી નોકરી મળી જતા પરિવાર ત્યાં સ્થાયી થયો. જયાં પ્રવીણભાઈએ પોતાનો શાળાકીય અભ્યાસ પૂર્ણ કરી ઓલ્ડ એસએસસી પાસ કર્યું. જો કે એ વખતે સરકારી નોકરીમાં અત્યાર જેવા પગારો ના હોવાથી તેમના પિતાને દિકરાની કોલેજ ફીના રૂ. ૮૫ ભરવાની ત્રેવડ નહોતી તે જાણી પ્રવીણભાઈએ ૧૭ વર્ષની ઉંમરે પોતાના પારિવારિક સ્નેહી જેઓ સરકારી ઉચ્ચ અધિકારી હતા તેમની પાસે નોકરીની માંગણી કરી. પેલા અધિકારીએ કહ્યું કે તેને ૧૮ વર્ષ તો થવા દે અને તું ટાઈપીંગ-સ્ટેનો શીખી જા પછી નોકરી અપાવી દઈશ. બસ એક જ વર્ષમાં પહેલા ટાઈપીંગ શીખી ૬૫ થી ૭૦ની ઝડપ હાંસલ કરી પછી જાતે વર્ગ-૨ની સરકારી ભરતીની પરીક્ષા આપી દીધી પરંતુ સ્ટેનોના કારણે નાપાસ થયા. છેવટે સ્ટેનો શીખવા એક શિક્ષક પાસે ગયા. એ વખતે ઉમેદવારને માત્ર બે જ તક મળતી હતી. જો બંનેમાં નાપાસ થાય તો પછી ફરી અરજી કરે શકે નહીં. આથી શિક્ષક પુરતી તૈયારી વગર એક મોકો ગુમાવી દેવા માટે વઢયા તો પ્રવીણભાઈ કહે 'મેં પરીક્ષા આપી એટલે તો ખબર પડી કે આમાં મેં થોડી વધુ મહેનત કરી હોત તો હું પાસ થઈ જાત.' પછી તેમણે સ્ટેનો શીખી પરીક્ષા પાસ કરી લીધી અને નોકરી પણ મેળવી લીધી. હવે એક વાત અમને બરાબર સમજાઈ ચુકી હતી કે સ્ટેનોગ્રાફી એ સરકારી નોકરી મેળવવા માટેનું આવશ્યક અંગ છે.

વર્ષ ૧૯૬૪માં ગુજરાતના એ વખતના પાટનગર અમદાવાદ ખાતે સચિવાલયમાં તેમણે નોકરી ચાલુ કરી તેના બીજા જ માસથી પોતાના બે મિત્રોને ફીમાં સ્ટેનોગ્રાફી શીખવાડવાનું ચાલુ કરી દીધું હતું. ૧૯૭૦માં તેઓ તત્કાલીન મુખ્યમંત્રી હિતેન્દ્રભાઈ પટેલના સ્ટાફમાં કાર્યરત હતા ત્યારે પાટનગર ગાંધીનગર ખસેડાતાં તેઓ સે-૧૬ના નિવાસી બન્યા હતા. પછી તો ગાંધીનગરના અલગ અલગ સેકટરમાં નિવાસ બાદ હાલ તેઓ સે-૮ ખાતે કાયમી નિવાસસ્થાન ધરાવી રહ્યાં છે. ગાંધીનગર આવીને તેમની મફતમાં સ્ટેનોગ્રાફી શીખવાડવાની પ્રવૃત્તિને બમણો વેગ મળ્યો. લગ્ન કરી ત્રણ દિકરી તથા એક દિકરાના પિતા બનેલા પ્રવીણભાઈના કલાસ સવારે પાંચ વાગ્યાથી ચાલુ થઈ જતા જે ઓફિસ જવા નીકળે ત્યાં સુધી ચાલુ રહેતા. મુખ્યમંત્રી બદલાયા પછી તેમની અનેક સરકારી વિભાગોમાં બદલી થતી રહી. એકવાર ગૃહમંત્રીના સ્ટાફમાં હતા ત્યારે એક પત્રકારે લાંચ આપવા સો રૂપિયાની નોટ ખિસ્સામાં મુકવા પ્રયત્ન કર્યો તો તેનો હાથ એવી રીતે હડસેલ્યો કે પોતાના શર્ટનું ખિસ્સું જ ફાટી ગયું. આ દશ્ય ગૃહમંત્રીના પત્નિએ જોઈ લીધું હતું તેથી તેમણે ગૃહમંત્રીને કહ્યું હતું કે, 'બધા કર્મચારીઓને છોડી દેજો પણ પ્રવીણભાઈને કયારેય છોડતા નહીં.' પોતાના બાળકોના



સ્કૂલ ડ્રેસ પણ જાતે સીવી આપવા જેટલી કરકસર કરી ત્રેવડને ત્રીજો ભાઈ બનાવતા પ્રવીણભાઈના પત્નિ કહેતા કે આ મફતમાં શીખવાડો છો તેના બદલે દસ રૂપિયા લેતા હોવ તો આ તકલીફ ના પડે પરંતુ પ્રવિણભાઈ સ્પષ્ટ ના પાડી દેતા.

આજે આટલા વર્ષોમાં અઢળક ઉમેદવારોને સાફ મફતમાં સ્ટેનો શીખવાડી સરકારી અધિકારીઓ બનાવનાર પ્રવીણભાઈ કહે છે '૨૦૧૪ના વર્ષમાં પત્નીના અવસાન બાદ જો હું આ પ્રવૃત્તિ ના કરતો હોત તો માનસિક સંતુલન ગુમાવી બેસત.' સ્ટેનો શીખવાડવાની સાથે તેમાં તેમણે સંશોધનો કરી સ્ટેનોગ્રાફીના જનક પીટમેન અને ગુજરાતી વર્ધા લિપીના સંયોજનથી સંસ્કૃત આધારિત કંઠય, તાલવ્ય, દંત્ય અને ઔષ્ઠિક ઉચ્ચારણો આધારિત સ્ટેનોગ્રાફી વિકસાવી છે. વળી ભાષા નિયામકના ૧૬૭ પાનાના પુસ્તકને તેમણે માત્ર ૬૭ પાના સંક્ષિપ્ત કરી ગાઈડ સાથેનું પુસ્તક તૈયાર કર્યું છે જે તેમના વિદ્યાર્થીઓ ઉપરાંત સ્ટેનો શીખવા માંગનારાઓ માટે વરદાનરૂપ બની રહ્યું છે. હાલની સરકારી પરીક્ષા પધ્ધતિ અને ભરતી પધ્ધતિ અંગે અઢળક ફરિયાદો ધરાવતા પ્રવિણભાઈની સલાહથી એક વાર તેમના ભરતી વિભાગના ઉચ્ચ અધિકારીએ માત્ર એક જ દિવસમાં પરીક્ષા લઈ પરીણામ આપી દેતા અગાઉથી 'સેટીંગ' કરી બેઠેલા ઓફિસના કર્મચારીઓને ભોંઠા પાડી દીધા હતા. અત્યારે પણ તેઓ ખુમારીથી કહે છે કે ૪ હજાર ઉમેદવારો હોય તો પણ એક જ દિવસમાં પરિણામ આપી દેવું શકય છે અને તેવું થાય તો જ ભરતીમાં ભ્રષ્ટાચાર અટકે. જન્મે બ્રાહ્મણ હોવા છતાં તેઓ માને છે કે મારે ત્યાં શીખવા આવતા દલિત વિદ્યાર્થીઓ જ સૌથી વધુ મહેનતુ હોય છે. કોઈ પૂછે કે કયાં સુધી આ પ્રવૃત્તિ કરશો તો ફટ દઈને જવાબ આપે છે 'જયાં સુધી જીવું છું ત્યાં સુધી શીખવાડતો રહીશ.'

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

# ગુરૂ ગોબિંદસિંઘ સાહીબના ૩૫૦માં પ્રકાશ ઉત્સવની ઉજવણી કરાશે

શીખ ધર્મના દશમા ગુરૂ સરબંસદાની શ્રી ગોબિંદસિંઘ સાહીબનો ૩૫૦મો પ્રકાશ ઉત્સવ (જન્મદિવસ) આગામી તા. ૫-૧-૨૦૧૭ ગુરુવારના રોજ છે. સે-૩૦માં આવેલ ગુરૂદ્વારા ખાતે તા. ૮-૧-૨૦૧૭ રવિવારના રોજ આ શુભ દિવસની ઉજવણી ભારે હર્ષોલ્લાસ સાથે કરવામાં આવશે જે નિમિત્તે તા. ૬-૧-



૨૦૧૭ના રોજ ગુરૂ ગ્રંથ સાહેબના અખંડ પાઠનો પ્રારંભ કરવામાં આવશે અને તા. ૮-૧-૨૦૭ના રોજ ભોગ સાહેબનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત આજ રોજ સવારે ૧૧.૦૦ કલાકે ગુરૂદ્વારા થી નગરકિર્તન (શોભાયાત્રા)નું પ્રસ્થાન થયું હતું જે ચ-૬ થી ચ-૩ થી પથિકાશ્રણ સર્કલથી ઘ-૬ સર્કલ થઈને બપોરના ૩.૦૦ કલાકે નિજ ગુરૂદ્વારા ખાતે પરત પહોંચી હતી. જેમાં સર્વે શીખ સંગત તેમજ તમામ ધર્મપ્રેમી નાગરિકો જોડાયા હતા.

# જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયના છાત્રાલયના વાલીઓ સાથે શિક્ષકોની મીટીંગ

ગાંધીનગર, તા.૧

અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય (ગ્રાન્ટેડ) તથા શ્રી આર.એસ.ચૌધરી કન્યા છાત્રાલયમાં રહી અભ્યાસ કરતી બાળાઓના વાલીઓ સાથે શિક્ષકોની મીટીંગનું આયોજન છાત્રાલયના હોલમાં તા. ૩૧-૧૨-૨૦૧૬ના રોજ કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત વાલીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને તેમના પાલ્યની અભ્યાસ અંગેની માહિતી મેળવી હતી. છાત્રાલયના મુખ્ય સંચાલિકા ચેતનાબેનના સહકારથી તથા શાળાના આચાર્યા સંતોકબેન કે. ચૌધરીના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમ સફળ રહ્યો હતો.

## ચિરવિદાય

● સ્વ. શકરીબેન રામાજી વાઘેલા, ઉ.વ. ૮૦